SAMBHAAV GROUP

# Sambhaav Media Limited

"Sambhaav House", Opp. Judges' Bunglows,
Premchandnagar Road, Satellite, Ahmedabad-380015.
Tel : +91-79 26873914/15/16/17, Fax : +91-79 26873922
Email : info@sambhaav.com Website : www.sambhaavnews.com
CIN : L67120GJ1990PLC014094

SML/CS/2021/47
Date: May 28, 2021

To,
The Department of Corporate Services
**BSE Limited**
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street, Fort,
Mumbai - 400 001

To,
The Listing Department
**National Stock Exchange of India Limited**
Exchange Plaza, Plot no. C/1, G Block,
Bandra-Kurla Complex, Bandra (E),
Mumbai - 400 051

**Scrip Code: 511630**

**Scrip Symbol: SAMBHAAV**

**Dear Sir,**

**Reg: Submission of Newspaper Advertisement published for Intimation of Board Meeting to be held on June 04, 2021**

Pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we are hereby submitting copy of newspaper advertisement published in the Business Standard-English and Loksatta Jansatta-Gujarati edition dated May 28, 2021 regarding the intimation of Board Meeting to be held on Friday, June 04, 2021.

Please take the same on your record and acknowledge the receipt.

Thanking you,
Yours faithfully,
**For, Sambhaav Media Limited**

SAMBHAAV MEDIA LIMITED AHMEDABAD

**Palak Asawa**
**Company Secretary**
**Membership No. A40377**

*Encl:a/a*

## M/s. Tethys Chemicals

**Plot No.T-65/3, Saykha Industrial Estate,GIDC Saykha,Ta.Vagra,Dist. Bharuch,Gujarat.**

**Public Notice**

**Environment Clearance**

It is hereby informed that, the State Level Environmental Impact Assessment Authority, Gandhinagar, Gujarat grant Environment Clearance (EC) for manufacturing of Synthetic Organic Chemicals at M/s. **Tethys Chemicals**, Plot No. T-65/3, Saykha Industrial Estate,GIDC Saykha, Ta. Vagra, Dist – Bharuch, Gujarat vide EC Letter No. **SEIAA/GUJ/EC/5(f)/623/2021**, Dated: 11/05/2021. A copy of the approval letter can also be seen on the website of State Environmental Impact Assessment Authority,Gandhinagar,Gujarat, i.e. http://seiaa.gujarat.gov.in.

## Bharat Parenterals Limited

CIN NO : L24231GJ1992PLC018237
Registered Office & Works:
Vill. Haripura, Ta. Savli, Dist. Vadodara - 391520 (Guj.) India.
Tele : (02667)-251679, 251680, 251669, 99099 28332.
E-mail: info@bplindia.in, Web.: www.bplindia.in
(WHO-GMP CERTIFIED * STAR EXPORT HOUSE)

**NOTICE**

NOTICE is hereby given pursuant to provisions of Regulation 47 read with regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 that a meeting of the Board of Directors of the Company is Scheduled to be held on 05th June, 2021 at the registered office of the Company situated at Survey No. 144 & 146, Jarod Samlaya road, Village Haripura., Ta. Savli, Vadodara-391520 inter alia to consider and approve the Annual Audited financial results of the Company for the quarter and year ended on 31st March,2021.

Further, in accordance with Listing Regulation the details of the aforesaid meeting are available on the website of the company i.e. www.bplindia.in and on the website of BSE limited i.e. www.bseindia.com.

By Order of the Board,
For BHARAT PARENTERALS LIMITED
S/d
Lubhanshi Jhalani
Company Secretary

**Place : Vadodara**
**Date : 27th May 2021**

## SAMBHAAV MEDIA LIMITED

SAMBHAAV GROUP

**(CIN: L67120GJ1990PLC014094)**
**Registered Office:** "Sambhaav House", Opp. Judges' Bungalows, Premchandnagar Road, Satellite, Ahmedabad - 380 015
**Phone:** +91 79 2687 3914/15/16/17 **Fax:** +91 79 2687 3922
**Email:** secretarial@sambhaav.com **Website:** www.sambhaav.com

**NOTICE**

Notice, pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on Friday, June 04, 2021 at the Registered Office of the Company to consider and approve the audited financial statements and financial results for the quarter/ year ended on March 31, 2021.

*The said intimation is also available on the website of the Company at www.sambhaav.com and on the website of stock exchanges at www.bseindia.com and www.nseindia.com.*

**Date:** May 28, 2021
**Place:** Ahmedabad

For, **Sambhaav Media Limited**
Palak Asawa-Company Secretary

## PUBLIC NOTICE

This is to inform that the for the property situated at Non-Agricultural land bearing Amalgamated Block No. 278 and Block No. 281, 282 and 289/3 on which Scheme Known as Sentossa Green land is situated in which Unit No. 113 (Phase-A) Admeasuring 288.51 Sq.mts and undivided proportionate share admeasuring 135.90 Sq.mts Total land Admeasuring 424.41 Sq.mts and Construction admeasuring 183.13 Sq.mts of Moje:- Rakanpur, Taluka:- Kalal, District :- Gandhinagar and Sub-District :- Gandhinagar the said property is owned by Mr. Kartikbhai Janakkumar Kadiya which was purchased by Registered Sale deed No. 3719/2021 dated 17-3-2021, said property as purchased from 1) Ankur Ashokkumar Parkeh and 2) Kavita Ankur Parekh and the Sale deed of earlier owner 1) Ankur Ashokkumar Parkeh and 2) Kavita Ankur Parekh having Registration no. 2038 /10 dated 4-3-10 have been lost/misplaced, and hence complain for the lost sale deed was filed with Sola Highcourt Police Station having station dairy No. 43/2021 dated 22-5-2021 and hence the public notice is issued from the present property. Hence for above property if any Person, Financial Institution, Bank or Third party have any right or share and if aware of the same and are having the Sale Deed , then we the undersign must be informed within 7 days in writing with evidence otherwise there is no right or dispute will be assumed and also assumed that right in the said property has been WAIVED and further procedure regarding title clear will be done and it may also be noted that no objection will be accepted after the above mentioned time limit of 7 days. **Ahmedabad, Dt. 28-5-2021**

**Vishwas S Dave • Priyanka V Dave, Advocates**
Office No. A/305, 3 rd Floor, Safal Pegasus, Above ICICI Bank, Prahaldnagar Garden, Vejalpur, Ahmedabad. **(M) 9879128824**

## SBI

**Atul Branch - 01657, Atul First Gate, At Po Atul, Dist Valsad - 396020 Gujarat. Ph.No02632 234490 , (M) +91 76000 39365, Email Id Sbi.01657@sbi.co.in**

A notice is hereby given that the following Borrower/s **Mr. Hardik Chhibubhai Patel** (Borrower) have defaulted in the repayment of principal and interest of the loans facility obtained by them from the Bank and the loans have been classified as Non-Performing Assets (NPA). The notices were issued to them under Section 13(2) of Securitization and Re-construction of Financial Assets and Enforcement of Security Interest Act 2002 on their last known addresses, but they have been returned unserved and as such they are hereby informed by way of this public notice.

| Name of the Borrower | Details of Properties/ Address of Secured Assets to be Enforced | Date of Notice | Date of NPA | Amount Outstanding (as on the Date of Notice) |
|---|---|---|---|---|
| Mr. Hardik Chhibubhai Patel | Flat No.B-1/304 admeasuring 865 square feet equivalent to 80.39 square meter of super built up area on the 3 rd floor of the Residential building known as "RAMESHWAR RESIDENCY B-1"developed by M/s Harekrishna Developers situated in Poniya Road Village Pardi, District Valsad, of GUJARAT 396145 | 15.05.2021 | 14.03.2021 | 9,43,584.00 (Rupees Nine Lacs Forty Three thousand Five hundred and eighty Four rupees) |

The steps are being taken for substituted service of notice. The above Borrower(s) and /or their Guarantor(s) (whenever applicable)are hereby called upon to make payment of outstanding amount within 60 days from the date of publication of this notice, failing which further steps will be taken after expiry of 60 days from the date of this notice under sub-section (4) of Section 13 of Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security interest Act, 2002.

**Date : 28.05.2021**
**Place : Atul**

**Authorized Officer,**
**For, State Bank of India. ATUL Branch**

## बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**Honey Park Road Branch, 3-Shivalik Western, L.P. Savani Road, Adajan, Surat -395009, Phone No. 0261-2746767, 2746768**
**E-mail : honeyp@bankofbaroda.com**

**NOTICE TO GUARANTOR** **Date - 08-04-2021**

**(UNDER SUB-SECTION (2) OF SECTION 13 OF THE SARFAESI ACT, 2002)**

**To,**
**Mr. Vinod Shankar Patil**
**Plot No 69 Prabhunagar, Nilgiri, Limbayat, Surat - 394210**

**Sub. : Notice under section 13(2) of the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Securiy Interest Act, 2002, hereinafter called "The Act" A/C**

Dear Sir,

**Re: Your guarantee for credit facilities granted To Mr. Sachin Amulya Kamilya & Mrs Tulsi Kamilya**

1. As you are aware, you have by a guarantee dated **05.05.2018** guaranteed payment on demand of all moneys and discharge all obligations and liabilities then or at any time thereafter owing or incurred to us **Mr. Sachin Amulya Kamilya & Mrs Tulsi Kamilya** for aggregate credit limits of **Rs.14,00,000/-** with interest thereon more particularly set out in the said guarantee document.
2. We have to inform you that the borrower has committed defaults in payment of his liabilities and consequently his account has been classified as non-performing asset. A copy of the notice dated **08.04.2021** Under section 13(2) of the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 sent by us to the borrower is enclosed. Since the borrower has committed defaults, in terms of the guarantee you have become liable to pay to us the outstanding amount of loan/credit facilities aggregating **Rs 11,97,400/-** and we hereby invoke the guarantee and call upon you to pay the said amount within 60 days from the date of this notice. Please note that interest will continue to accrue at the rates specified in para 1 of the notice dated **8th April,2021** served on the borrower (copy enclosed).
3. We further wish to inform you that in regard to the security provided by you to secure your guarantee obligations for the due repayment of the loans and advances by the borrower, this notice of 60 days may please be treated as notice under sub-section (2) of section 13 of the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002. We further give you notice that failing payment of the above amount with interest upto the date of payment, we shall be at liberty to exercise all or any of the rights under sub-section (4) of section 13 of the said Act, which please note.
4. We invite your attention to sub-section(13) of section 13 of the said Act in terms of which you are barred from transferring any of the secured assets referred to in para 1 above by way of sale, lease or otherwise (other than in the ordinary course of business), without obtaining our prior written consent. We may add that non-compliance with the above provision contained in section 13(13) of the said Act, is an offence punishable under section 29 of the Act.
5. We further invite your attention to sub-section (8) of section 13 of the said Act in terms of which you may redeem the secured assets, if the amount of dues together with all costs, charges and expenses incurred by the bank in tendered by you, at any time before the date of publication of notice for public auction inviting quotations/tender/private treaty. Please note that after publication of the notice as above, your right to redeem the secured assets will not be available.
6. Please note that this demand notice is without prejudice to and shall not be construed as waiver of any other rights or remedies which we may have, including without limitation, in the right to make further demands in respect of sums owing to us.

**Yours faithfully,(Aditi Mishra)**
**(Authorised Officer & Chief Manager)**

**Place - Surat | Date - 08/04/2021**




Business Standard
Insight Out

To book your copy, call **022 4027 5432**
or SMS **reachbs** to **57575** or email us at **order@bsmail.in**

bsindia bsindia www.business-standard.com

### પાછલા વર્ષે ડિલીવર યુનિટોની સંખ્યા વધારીને ૬ ડ્રમની કરવામાં આવી હતી

## ડેરેવેટિવ્ઝમાં વેપારમાં અદભૂત વધારો

# મેન્થા ઓઇલમાં હવે જૂનથી ઓછા માર્જિન સાથે કામ થશે



મુંબઈ, તા.૨૭

મેન્થા ઓઈલમાં રોકાણકારોને આકર્ષવા માટે તેમજ વોલ્યુમમાં નોંધપાત્ર વધારો થાય તે માટે દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ દ્વારા કોન્ટ્રેક્ટના ધારાધોરણોમાં સુધારો કરીને મેન્થા ઓઈલમાં ૧લી જૂનથી લોટ સાઈઝ જે પહેલાં ૬ ડ્રમની હતી તે ઘટાડીને ૨ ડ્રમની કરવામાં આવી છે.


આમ હવે જૂનથી ઓછા માર્જિન સાથે પણ મેન્થા ઓઈલમાં ટ્રેડિંગ કરી શકાશે. તેનો સીધો અર્થ એ થાય છે કે જૂન પછી જુલાઈ એક્સપાયરી કોન્ટ્રેક્ટમાં ફક્ત ૨ ડ્રમમાં જ કામકાજ કરી શકાશે. વાયદા કોન્ટ્રાક્ટની એક્સપાયરી બાદ ડિલીવરી યુનિટ એક્સચેન્જ દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યા છે. વાયદા કોન્ટ્રેક્ટમાં એક્સપાયરીની પૂર્વ નિર્ધારિત તારીખનો સમાવેશ થાય છે.

**જૂન પછી જુલાઇ એક્સપાયરી કોન્ટ્રેક્ટમાં ફક્ત ૨ ડ્રમમાં જ કામકાજ કરી શકાશે**

મેન્થા ઓઈલ ડેરેવેટિવ્ઝમાં વેપારમાં અદભૂત વધારા માટેની તકોમાં વધારો થતાં બજારના સહભાગીઓ દ્વારા આ પગલાંને આવકારવામાં આવ્યુ છે. પાછલા વર્ષે ડિલીવર યુનિટોની સંખ્યા વધારીને ૬ ડ્રમની કરવામાં આવી હતી અને આ કારણે વોલ્યુમોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં પાછલા વર્ષે રોગચાળાની સમસ્યા હોવાથી પણ સેન્ટીમેન્ટ્સ ખરડાઇ ગયા હતાં અને તેના કારણે વોલ્યુમોમાં વધુ ઘટાડો થયો હતો. દરમિયાનમાં એમસીએક્સ પર જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૯૧૫થી ૯૩૦ની આસપાસ ચાલી રહ્યો છે. એક વખત વાયદા કોન્ટ્રેક્ટમાં તરલતા પાછી વધશે એટલે મૂલ્ય શ્રૃંખલાના સહભાગીઓ ફરી એક વાર એમસીએક્સના પ્લેટફોર્મ પર ભાવ જોખમ સામે હેજ કરી શકવા સક્ષમ બનશે. જે તે એક્સચેન્જ દ્વારા તેઓ જે કોન્ટ્રેક્ટ આવરી લેતા હોય તેની ડિલીવરીની શરતો નિર્ધારિત કરે છે. તેમજ મેન્થા ઓઈલ સહિતની વિવિધ કૃષિ કોમોડિટી માટે વેરહાઉસ અને ડિલીવરી લોકેશન્સ પણ નક્કી કરે છે.

વાયદા કોન્ટ્રેક્ટની ફિઝીકલ ડિલીવરી (અહીં મેન્થા ઓઈલ) પૂર્વ નિર્ધારિત ડિલીવરી તારીખે કરવામાં આવે છે. મેન્થા એ જાપાનીઝ ફૂદીના તરીકે ઓળખાય છે કારણ કે મેન્થાનું ઉદભવસ્થાન જાપાન છે. આ પાકની વાવણી આર્જેન્ટીના, બ્રાઝીલ અને ચીનમાં અને તે પછી જાપાન અને ત્યાર બાદ ભારતમાં પણ શરૂ થઈ હતી. આ પાકમાંથી લેવામાં આવતુ તેલ અને તેના પદાર્થોનો વ્યાપારી ધોરણે ખોરાક, ફાર્માસ્યુટિકલ અને કોસ્મેટિક્સ ઉદ્યોગોમાં થાય છે. મેન્થોલ મેન્થા તેલમાંથી ઉત્પન્ન કરવામાં આવે છે, તેમજ ટૂથપેસ્ટ, ટૂથપાવડર, ચાવવાની તમાકુ, કોન્ફેક્શરી, માઉથ ફેશનર્સ, ચ્યુઈંગ ગમ અને કેન્ડી, તમાકુ ઉદ્યોગોમાં વપરાશમાં લેવામાં આવે છે.

### સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો



# ભારતીય શેરબજારમાં પ્રથમ વખત 3 ટ્રિલિયન વોલ્યુમ સાથે તેજી

મુંબઈ,તા.૨૭

સેન્સેક્સ :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૫૧૦૧૭.૫૨ સામે ૫૧૧૨૮.૮૦ પોઈન્ટના મથાળેથી ખુલીને ૫૦૮૯૧.૬૬ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો. સરેરાશ ૩૯૧.૨૪ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૯૭.૭૦ પોઈન્ટના ઉછાળા સાથે ૫૧૧૧૫.૨૨ પોઈન્ટ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

નિફ્ટી ફ્યુચર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૧૫૩૦૩.૦૦ સામે ૧૫૩૨૯.૦૦ પોઈન્ટના મથાળેથી ખુલીને ૧૫૨૭૪.૨૦ પોઈન્ટના નીચા મથાળે થી નવી લેવાલી દ્વારા નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યોપ સરેરાશ ૯૧.૨૦ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૩૬.૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૧૫૩૩૯.૦૦ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કોરોના મહામારીના પરિણામે અસરગ્રસ્ત ક્ષેત્રો-ઉદ્યોગો માટે સ્ટીમ્યુલસ પેકેજ જાહેર કરવાના આપવામાં આવેલા સંકેત અને હવે વેક્સિનેશન પ્રોગ્રામને ફરી ઝડપી બનાવવા ફાઈઝર પાસેથી પાંચ કરોડ ડોઝ મેળવવા થઈ રહેલી વાટાઘાટ સાથે ભારતીય વેક્સિન કોવેક્સિનને પણ ડબલ્યુએચઓ પ્રમાણિત કરવા અને યુ.એસ.એફડીએની મંજૂરી મેળવવા પ્રયાસો ઝડપી બનતાં આગામી દિવસોમાં કોરોના મહામારીમાંથી ભારતને પણ ઝડપી મુક્ત કરી શકવાના ઊભી થયેલી આશાએ આજે ભારતીય શેરબજારમાં ટ્રેડીંગની શરૂઆત મજબૂતીએ થઈ હતી.

**બજારની ભાવિ દિશા**

મિત્રો, ચાલુ મે માસના પ્રથમ પખવાડિયામાં વિવિધ પ્રતિકૂળતાઓના પગલે વિદેશી સંસ્થાકીય રોકાણકારો વીમા, બેંક અને આઈટી ક્ષેત્રના શેરો વેચી રિયાલ્ટી, કેપિટલ ગુડ્ઝ સહિતના અન્ય ક્ષેત્રો તરફ વળ્યા છે. જેમાં બેકિંગ ક્ષેત્રની વાત કરીએ તો, દેશમાં કોરોનાના કેસ વધીને વિક્રમી સપાટીએ પહોંચતા વીમાના દાવા વધતા અને દેશના વિવિધ રાજ્યોમાં અમલી લોકડાઉનના કારણે બેંકોની એનપીએ વધવાની આ ક્ષેત્રની કંપનીઓની નાણાંકીય તંદુરસ્તી ખરડાય તેવી ભીતિ ઉદ્ભવી છે. ઉપલબ્ધ ડેટા મુજબ વીમા, બેંક અને આઈટી ક્ષેત્રમાં એફઆઈઆઈએ અંદાજીત રૂ. ૨૦૦ મીલીયનથી વધુની વેચવાલી હાથ ધરી છે. હાલ એફઆઈઆઈ રીયલ્ટી, કેપીટલ ગુડ્ઝ, ફૂડ બેવરેજીસ અને ટોબેકો ક્ષેત્રના શેરો તરફ વળી છે. જો કે રીયાલ્ટી ઈન્ડેક્સ ૩.૨૧% ઘટયો હોવા છતા એફઆઈઆઈએ તેના રોકાણમાં વધારો કર્યો છે. આગામી દિવસોમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોના થઈ રહેલા રોકાણ પ્રવાહ પર નજર સાથે કોર્પોરેટ પરિણામોની સીઝનમાં હવે આગામી દિવસોમાં ૨૮,મે ૨૦૨૧ના ગ્લેનમાર્ક ફાર્માસ્યુટિકલ તેમજ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના જાહેર થનારા પરિણામ પર નજર રહેશે. ઉપરાંત રાજ્યો દ્વારા કોરોનાના આકરા પ્રતિબંધો ધીમે ધીમે હળવા કરાશે જેને પગલે ભારતીય અર્થતંત્રમાં વૃદ્ધિ જોવાશે.

### બાઈક પર ત્રિપલ સવારીએ બે મજૂરને ખેતરમાંથી ઘરે મુકવા જતા કાર કાળ બની

# મોરબીમાં કારચાલકે ૧૮ વર્ષના યુવાનને કચડી નાંખ્યો : બેની હાલત ગંભીર



મોરબી,તા.૨૭


મોરબી શહેરમાં એક ગંભીર હીટ એન્ડ રનની ઘટના સામે આવી છે. જેમાં એક યુવાનનું ઘટના સ્થળ પર જ મોત થયું છેયઅન્ય બે યુવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. મોરબીના કંડલા બાયપાસ રોડ નજીક આવેલા મચ્છુ ૩ પાસેની જૂની આરટીઓ કચેરી પાસે મોડી સાંજે હિટ એન્ડ રનની ઘટના બની છે, જેમાં વ્હાઈટ કલરની જીજે ૦૩ સીઆર ૭૮૦૭ નંબરની સ્વીફ્ટ કારે એક બાઈકને હડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ગોઝારા અકસ્માતમાં બાઈકસવાર ભરત માનસિંગભાઈ પારઘી (ઉ.વ.૧૮, રહે.અમરેલી)નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બાઈકમાં સવાર અન્ય બે વ્યક્તિઓ પંકેશભાઈ અને અનિલભાઈને ગંભીર ઈજાઓ થતા પ્રથમ મોરબી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે અનિલભાઈ નામના વ્યક્તિને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા છે. ત્રિપલ સવારી બાઈક પર અનિલભાઈ, ખેતરના કામ માટે પંકેશ તેમજ ભરત સહિતના બંને ખેતમજૂરો સાથે પોતાની વાડી મજૂરીનું કામ દેખાડવા માટે લઈ ગયા હતા, ત્યારબાદ બન્નેને પરત ઘરે મુકવા જતા હતા ત્યારે આ અકસ્માત નડ્યો છે.

**એક વ્યક્તિનું મોત થયું હોવા છતા પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી**

આ ઘટનામાં મજૂર ભરતભાઈ નામના વ્યક્તિના મૃતદેહને સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. એક વ્યક્તિનું મોત થયું હોવા છતા પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

### લોકડાઉન અને કોરોનાને કારણે અનેક લોકો આર્થિક મુશ્કેલીમાં મુકાયા

# લૉકડાઉનમાં ધંધો ઠપ થતાં રાજકોટના યુવાને આપઘાત કર્યો : બે પુત્રીએ પિતાનું છત્ર ગુમાવ્યું



રાજકોટ,તા.૨૭

રાજકોટની કુવાડવાની શિવધારા સોસાયટીમાં રહેતાં અને વાંકાનેર ચોકડીએ ભાવિન પાઉભાજી નામે દૂકાન ધરાવતાં નીતિનભાઇ કિશોરભાઇ દાવડાએ કુવાડવાના બસંત બહાર રિસોર્ટ પાસે ફિનાઈલ પીધું હતું. કુવાડવા સારવાર આપ્યા પછી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેમનો જીવ બચી શક્યો ન હતો. જેના કારણે પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો છે. બનાવની જાણ થતા કુવાડવા રોડ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.પરિવારજનોના કહેવા મુજબ નીતિનભાઈ બે ભાઈ અને બે બહેનમાં મોટા હતા. સંતાનમાં બે પુત્રી છે. લોકડાઉનને કારણે પાઉભાજીનો ધંધો બરાબર ચાલતો ન હોવાથી દેણું પણ થઇ ગયું હતું. જેના કારણે છેલ્લા કેટલાક દિવસોથી ટેન્શનમાં હતા અને ગઈકાલે આ પગલુ ભરી લીધું હતું. મહત્વનું છે કે લોકડાઉન અને કોરોનાને કારણે અનેક લોકો આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. તેમાં પણ ખાસ કરીને નાનાં અને મધ્યમ વર્ગના વેપારીઓને ભારે મુશ્કેલી સહન કરવી પડી રહી છે. લોકડાઉનના કારણે તેમજ મંદીને કારણે વિવિધ ક્ષેત્રમાં મુશ્કેલીઓ જોવા મળી છે. તેમાં પણ બપોર બાદના ધંધામાં ભારે મુશ્કેલી સહન કરવી પડી રહી છે. અગાઉ પણ મુશ્કેલીને કારણે અનેક વેપારીઓના આપઘાતના કિસ્સાઓ ગુજરાતભરમાંથી સામે આવ્યા છે. અગાઉ પણ રાજકોટમાં ત્રણથી ચાર નાના વેપારીઓ દ્વારા ધંધો ભાગી જવાને કારણે આપઘાત કર્યો હોવાના કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે વધુ એક કિસ્સો રાજકોટમાં સામે આવતાં અરેરાટી વ્યાપી ગઈ છે. રાજકોટમાં અગાઉ હેરસલૂનના એક ધંધાર્થીએ લોકડાઉનને કારણે ધંધો પડી ભાંગતા આપઘાત કર્યો હતો. ત્યારે હવે પાવભાજીના ધંધાર્થીએ પણ ધંધો ભાંગી જતા દેણું થઈ જતા આપઘાત કર્યો છે.

# ખાદ્યતેલના ભાવ નિયંત્રણ માટે સરકારે સૂચનો માગ્યા

રાજકોટ,તા.૨૭

ખાદ્યતેલના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. સામાન્ય જનતા પર મોંઘવારીનો માર પડી રહ્યો છે. ખાદ્યતેલમાં આટલા બધા ભાવ ઉંચકાતા હવે કેન્દ્ર સરકાર પણ હરકતમાં આવી છે અને કેન્દ્રીય ખાદ્યતેલના સચિવે ટ્રેડર્સ સાથે બેઠક કરી સૂચનો માંગ્યા હતા. જેમાં ઓનલાઈન તેલ પર સટ્ટો રમાતો હોવાથી ભાવ ઊંચકાયા હોવાનું સામે આવ્યું હતું. જે ભાવને નિયંત્રણ કરવા સરકાર પગલાં લે તેવી માંગ ઉઠી છે. ઓનલાઈન સટ્ટાકીય તેજી વધતા ખાદ્યતેલના ભાવમાં ભડકો થયો છે. ખાદ્યતેલના સચિવે ટ્રેડર્સ સાથે બેઠકમાં ભાવ વધારા અંગે માહિતી મેળવી હતી. જેમાં ખાદ્યતેલના આટલા બધા ભાવ વધારાને કન્ટ્રોલ કરવા માટે સૂચનો માંગ્યા હતા. ખાદ્યતેલના વેપારી ભાવેશ પોપટે જણાવ્યું હતું કે, બજારમાં ખાદ્યતેલની માંગ નથી પરંતુ ઓનલાઈન સટ્ટો રમતો હોવાથી ખાદ્યતેલના ભાવમાં વધારો થયો છે. જોકે બેઠક થવાની હોવાની માહિતી સામે આવતા ૧૦ દિવસમાં ખાદ્યતેલના ભાવમાં ઘટાડો થયો છે. જેમાં ૧૦૦ થી ૧૩૦ રૂપિયા સુધી થયો ઘટાડો થયો છે. સિંગતેલમાં ૧૦ દિવસમાં ૧૩૦ રૂપિયાનો ઘટાડો થતા ડબ્બાનો ભાવ ૨૫૫૦ થી ૨૬૦૦ રૂપિયા થયો છે. જ્યારે કપાસિયા તેલમાં રૂપિયા ૧૦૦નો ઘટાડા સાથે ડબ્બાનો ભાવ ૨૩૬૦ થી ૨૪૦૦ રૂપિયા થયો અને પામોલિનમાં ૧૨૦ રૂપિયાનો ઘટાડા સાથે ડબ્બાનો ભાવ ૨૦૮૦ થી ૨૧૧૫ રૂપિયા ભાવ થયો છે. સિંગતેલમાં ડિમાન્ડ ઓછી થતા ભાવ ઘટ્યા હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યો છે.

### સરકારી હોસ્પિટલોને હાઈટેક સુવિધાઓથી સજ્જ કરવાનો પ્રયાસ

# જામનગરની જી.જી. હોસ્પિટલ માટે ૧૮ કરોડના ખર્ચે નવું MRI મશીન ખરીદાશે




જામનગર,તા.૨૭

કોરોના કાળમાં હવે દુનિયાને સાયન્સ, ટેકનોલોજી અને મેડિસિનની વેલ્યુ સમજાઈ ગઈ છે. એજ કારણ છેકે, સરકાર ગુજરાતની તમામ સરકારી હોસ્પિટલોને પણ હાઈટેક સુવિધાઓથી સજ્જ કરવાનો પ્રયાસ કરી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતના જામનગર જિલ્લામાં આવેવી જી.જી.હોસ્પિટલને નવા એમઆરઆઈ મશીનની ભેટ આપવામાં આવશે. લાંબા સમયથી આ હોસ્પિટલમાં આ પ્રકારના આધુનિક મશીનની માંગણી હતી. દર્દીઓને પણ એમઆરઆઈ રિપોર્ટ માટે દૂર જવું પડતું હતું. સરકારના આ નિર્ણયથી દર્દીઓને મોટી રાહત મળશે.

જામનગરની જી. જી. હોસ્પિટલ ખાતે ૧૮ કરોડના ખર્ચે નવું એમ. આર.આઈ.મશીન ખરીદવાની પ્રક્રિયા શરૂ દેવામાં આવી છે. પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી દર્દીઓની એમ.આર.આઈ. સુવિધા માટે જી.જી. હોસ્પિટલ અને વિઝન એમ.આર.આઈ. સેન્ટર, જામનગર વચ્ચે એમ.ઓ.યુ કરવામાં આવ્યા છે. જી.જી. હોસ્પિટલ જામનગર ખાતેના ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલ રેડિયોલોજી વિભાગમાં રહેલ એમ.આર.આઈ. મશીન તા. ૧૬/૦૩/૨૦૨૧ નાં રોજ યાંત્રિક કારણોસર બંધ પડી ગયું હતું.

હોસ્પિટલ તંત્ર દ્વારા મશીન ઉપલબ્ધ કરાવતી કમ્પનીના એજીનીયર પાસે આ મશીન ચેક કરાવવામાં આવતા એન્જીનીયરના જણાવ્યા મુજબ એમ.આર.આઈ. મશીન જુનું હોવાથી કમ્પની દ્વારા હાલ મશીન માટેના કોમ્પ્યુટર સોફ્ટવેરને લગતા પાર્ટ્સ હવે કંપની ઉપલબ્ધ કરાવી શકે તેમ નથી. તેમજ મશીન બંધ પડેલ હોવાથી તેને પુનઃ કાર્યરત કરવા અંગેની કંપની જવાબદારી લેતી નથી.

આ સ્થિતિમાં હવે જીજી હોસ્પિટલ દ્વારા નવું એમ.આર. આઈ મશીન કે જેની અંદાજીત કિંમત રૂ. ૧૮ કરોડ જેટલી થાય છે તે ખરીદ કરીને જી.જી. હોસ્પિટલ ને ફાળવવામાં આવશે. આ અંગેની આરોગ્ય વિભાગમાં દરખાસ્ત કરવામાં આવેલ છે.

### લોકોને નદીમાં અવરજવર નહીં કરવા માટે તાકેદ કરી દેવાયા

# વડોદ ડેમનાં ૨ દરવાજા ખોલી લીંબડીનાં ભોગાવા નદીમાં ૯૬૦ ક્યુસેક પાણી છોડાશે



વઢવાણ,તા.૨૭

વઢવાણ તાલુકાનાં વડોદ ગામે આવેલા ડેમમાંથી તા.૨૭ મેનાં રોજ સવારે ૧૦:૩૦ કલાકે ડેમનાં ૨ દરવાજા ૧ ફૂટ ખોલી ૯૬૦ ક્યુસેક પાણી છોડવાનો નિર્ણય ડેમ વિભાગનાં અધિકારીઓ દ્વારા લેવામાં આવ્યો છે. ડેમનું પાણી લીંબડી ભોગાવા-૨ નદીમાં છોડવામાં આવશે.

વડોદ ડેમની નીચાણવાળા વિસ્તારમાં આવતા બલદાણા, ઉઘલ, લીયાદ, સૌકા, બોડીયા, લીંબડી, ઉંટડી, ચોકી, જાખણ, ચોરણીયા, ખંભલાવ, પાણશીણા, દેવપરા અને કાનપરા સુધીના ગામોના લોકોને નદીમાં અવરજવર નહીં કરવા માટે તાકેદ કરી દેવામાં આવ્યા છે. આ અંગે વડોદ ડેમનાં ડે.ઈજનેર આકાશ પટેલે જણાવ્યું હતું કે, વડોદ ડેમની સિંચાઈ યોજનામાંથી નીચાણવાળા ચેકડેમો ભરવા માટે પાણી છોડવાનું આયોજન છે. સાથોસાથ ડેમનું મરામત પણ કરવાનું હોવાથી ડેમ ખાલી કરવો જરૂરી બની ગયો છે. ઉનાળું સીઝન લેવાઈ ગઈ છે. ચોમાસા આડે હવે ગણતરીનાં દિવસો બાકી રહ્યા છે. ત્યારે સિંચાઈ માટે પાણી છોડવાની વાત કોઈનાં ગળે ઉતરે તેમ નથી. કારણ કે વડોદ ડેમનું પાણી છોડવામાં આવશે તો સૌકા-લીંબડીને જોડતો એકમાત્ર માટીનો કાચો પુલ તૂટી જવાની પુરેપુરી શક્યતા છે. સૌકા-લીંબડી વચ્ચેનો પુલ તૂટશે તો સૌકા, લીયાદ અને લાલીયાદ ગામનાં ૧૦ હજારથી વધુ લોકો સંપર્ક વિહોણા બની જશે તેવો ભય પણ સતાવી રહ્યો છે.

# ચોટીલાના ધારાસભ્ય ઋત્વિક મકવાણાની અટકાયત

સુરેન્દ્રનગર,તા.૨૭

રાજકોટ હીરાસર ગ્રીન ફીલ્ડ એરપોર્ટની કામગીરી દરમિયાન ડોશલીઘુના ડેમની પાળ તોડી પાડતાં સ્થાનિક લોકોએ ધારાસભ્યને રજુઆત કરતાં ધારાસભ્ય ઋત્વિક મકવાણા ઘટનાં સ્થળે દોડી ગયા હતા. જ્યાં એરપોર્ટ ઓથોરિટી સાથે વાતચીત કરવા બાબતે મામલો બિચકયો હતો. બાદમાં ચોટીલાના ધારાસભ્ય ઋત્વિક મકવાણાની રાજકોટ જીલ્લાનાં બામણબોર પોલીસે કરી અટકાયત કરતા ચકચાર મચી જવા પામી છે. હાલમાં ચોટીલા અને રાજકોટ વચ્ચે રાજકોટ હીરાસર ગ્રીન ફીલ્ડ એરપોર્ટની કામગીરી ચાલી રહી છે. ત્યારે આ કામગીરી દરમિયાન ડોશલીઘુના ડેમની પાળ તોડી પાડતાં સ્થાનિક લોકોએ ધારાસભ્યને રજૂઆત કરતાં ધારાસભ્ય ઋત્વિક મકવાણા ઘટનાં સ્થળે દોડી ગયા હતા. જ્યાં ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ એરપોર્ટ ઓથોરિટી સાથે વાતચીત કરવા બાબતે મામલો બિચકયો હતો. જેમાં ઉગ્ર બોલાચાલી બાદ એરપોર્ટ ઓથોરિટીએ પોલીસ બોલાવી પોલીસે ધારાસભ્ય ઋત્વિક મકવાણાની અટકાયત કરી હતી.

**પહેલા પાનનું અનુસંધાન**

**વ્હાઈટ...**

અને લિકવિડ લીકને રોકી દીધું.

હોસ્પિટલના ડૉ.અનિલ અરોરાના મતે આંતરડામાંથી કાઢેલા ટુકડાની બાયોપ્સીમાં ખબર પડી કે આંતરડામાં વ્હાઈટ ફંગસ છે જેને આંતરડાની અંદર ખતરનાક ઈજા પહોંચી હતી તેના લીધે ખાવાની પાઈપથી લઈ નાના આંતરડા અને મોટા આંતરડામાં કાણું પાડી દીધું હતું.

ડૉ.અરોરાના મતે સ્ટેરોઈડના ઉપયોગ બાદ બ્લેક ફંગસ દ્વારા આંતરડામાં કાણું પડવાના કિસ્સા તાજેતરમાં સામે આવ્યા છે. પરંતુ વ્હાઈટ ફંગસ દ્વારા કોવિડ-૧૯ ઈન્ફેકશન બાદ જમવાની નળી, નાના આંતરડાં અને મોટાં આંતરડામાં કાણા પડ્યાનો કિસ્સો આ સમગ્ર વિશ્વમાં પહેલો છે.

એટલું જ નહીં તપાસમાં ખબર પડી કે દર્દીનું કોવિડ-૧૯ એન્ટીબોડી લેવલ પણ વધ્યું હતું. લોહીની તપાસ કરવા પર શરીરની અંદર વ્હાઈટ ફંગસ વધેલા મળ્યા. સર્જરી બાદ દર્દીની તબિયત સારી છે અને થોડાંક દિવસમાં હોસ્પિટલમાંથી રજા આપી દેવાશે.

ઉલ્લેખનીય છે કે અત્યારે કોરોનાની બીજી લહેર ચાલી રહી છે તેની અસર કંઈ ઓછી થઈ નથી. પરંતુ આ બધાની વચ્ચે વ્હાઈટ ફંગસ અને બ્લેક ફંગસના કેસમાં ઘણો વધારો થયો છે. દિલ્હીની કેટલીય હોસ્પિટલોમાં કેસ નોંધાયા છે. કેટલીય રાજ્ય સરકારોએ બ્લેક ફંગસને મહામારી જાહેર કરી છે.

**અમેરિકન...**

આદેશ આપ્યો છે. આ કારણે સ્વાસ્થ્ય વિભાગે અનેક દેશોનો સંપર્ક સાધ્યો હતો અને જાણવા મળ્યા મુજબ અમેરિકા સ્થિત ગિલિયડ સાયન્સીઝ બોર્ડ ભારતને વેક્સિન સપ્લાય પૂરો પાડવા આગળ આવ્યું છે.

અત્યાર સુધીમાં એમ્ફોટેરિસિન ઈન્જેક્શનની ૧,૨૧,૦૦૦થી પણ વધારે શીશીઓ ભારત પહોંચી ચુકી છે. જ્યારે અન્ય ૮૫,૦૦૦ શીશીઓ રસ્તામાં છે. જાણવા મળ્યા મુજબ અમેરિકી કંપની આશરે ૧ મિલિયન ડોઝ પૂરા પાડશે. આ જ રીતે બાકીના દેશોનો સંપર્ક પણ સાધવામાં આવી રહ્યો છે. સરકાર બ્લેક ફંગસ સામેની લડાઈમાં દવા કે ઈન્જેક્શનની તંગી ન આવે તે માટે પ્રયત્ન કરી રહી છે.

**નવા...**

અનુપાલન અધિકારી નિયુક્ત કરવા, ફરિયાદ પ્રતિક્રિયા તંત્ર સ્થાપિત કરવા અને કાયદાના આદેશના ૩૬ કલાકની અંદર સામગ્રીને હટાવવા કહેવામાં આવ્યુ છે. દિલ્હી સ્થિત ટ્વિટરના કાર્યાલય પર રેડનો ઉલ્લેખ કરતા સોશિયલ મીડિયા કંપનીના પ્રવક્તાએ કહ્યુ, અમે પોતાના કર્મચારીઓને લઈને તાજેતરમાં ભારતમાં બનેલી ઘટનાઓને લઈને ચિંતિત છીએ. આ સિવાય અભિવ્યક્તિની આઝાદી સામે ખતરાની જે આશંકા ઉભી થઈ છે, તેને લઈને પણ ચિંતિત છીએ, જેની માટે અમે કામ કરતા રહ્યા છીએ.

**સમભાવ મીડિયા લિમિટેડ**
(CIN: L67120GJ1990PLC014094)
**રજીસ્ટર્ડ ઓફિસ:** સમભાવ હાઉસ, જજીસ બંગલો સામે, પ્રેમચંદ નગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
**ફોન:** +૯૧ ૭૯ ૨૬૮૭ ૩૯૧૪/૧૫/૧૬/૧૭ **ફેક્સ:** +૯૧ ૭૯ ૨૬૮૭ ૩૯૨૨
**ઈ-મેઈલ:** secretarial@sambhaav.com **વેબસાઈટ:** www.sambhaav.com
SAMBHAAV GROUP

**નોટિસ**

આથી નોટિસ જાહેર કરવામાં આવે છે કે રેગ્યુલેશન ૪૭, સેબી (લિસ્ટિંગ ઑબ્લિગેશન્સ ઍન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ કંપનીના માર્ચ ૩૧, ૨૦૨૧ના રોજ પુરા થતા નાણાકીય વર્ષ માટે ઓડિટેડ વાર્ષિક હિસાબો અને નાણાકીય પરિણામો મંજૂર કરવા માટે કંપનીના બૉર્ડ ઑફ ડિરેક્ટર્સની મિટિંગ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ખાતે શુક્રવાર, જૂન ૦૪, ૨૦૨૧ના રોજ મળી રહી છે.

સુચના કંપનીની વેબસાઈટ www.sambhaav.com પર અને સ્ટોક ઍક્સચેન્જસની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

તારીખ: મે ૨૮, ૨૦૨૧
સ્થળ: અમદાવાદ

**સમભાવ મીડિયા લિ.** વતી
પલક અસાવા-કંપની સેક્રેટરી